GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા
▶ When the worlds sleeps
▶ Our power keeps working
▶ Ensures uninterrupted Performance
▶ 24x7 service
▶ 365 days a year
▶ Because downtime is not an option
▶ Soundless power
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો ૨ + ૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૩૭ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ દશમ, સોમવાર ૨૫ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

# ભારત-અમેરિકા વેપાર કરાર ટૂંકમાં થવાનો રુબિયોનો સંકેત

## જયશંકર-રૂબિયો વચ્ચે મંત્રણા યોજાઇ : ભારત-અમેરિકાના સંબંધોમાં સુધારાનો સંકેત

**ભારતની** મુલાકાતે આવેલા અમેરિકી વિદેશમંત્રીએ ભારતને એક મોટી વૈશ્વિક શક્તિ ગણાવી

**મંત્રણામાં** સંરક્ષણ, મહત્વના ખનિજો, ટેકનોલોજીમાં સહકાર વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરાયું

**રૂબિયોએ** કહ્યું કે ભારત-અમેરિકા સંબંધોએ ગતિ ગુમાવી જ નથી



**નવી દિલ્હી, તા. 24 (PTI):** ભારત અને અમેરિકાએ રવિવારે વિદેશ મંત્રી એસ. જયશંકર અને તેમના અમેરિકાના સમકક્ષ માર્કો રુબિયો વચ્ચે વેપાર, વિઝા, ઊર્જા સુરક્ષા, સરહદ પારનો આતંકવાદ અને પશ્ચિમ એશિયાના સંઘર્ષની અસરો જેવા જટિલ મુદ્દાઓ પર થયેલી ખુલ્લી ચર્ચા સાથે તેમના તણાવપૂર્ણ સંબંધોને ફરીથી પાટા પર લાવવાનો સંકેત આપવાનો પ્રયાસ કર્યો હતો.

દેશની ચાર દિવસીય મુલાકાતે આવેલા રુબિયોએ નવી દિલ્હીને એક મોટી વૈશ્વિક શક્તિ ગણાવી હતી અને ભારત-અમેરિકાના સંબંધોએ છેલ્લા બે દાયકાની ગતિ ગુમાવી દીધી છે તેવી ટીકાઓને ફગાવી દીધી હતી. તેમણે મક્કમતાપૂર્વક જણાવ્યું હતું કે વર્તમાન વહીવટીતંત્રના કાર્યકાળના અંત સુધીમાં આ જોડાણ વધુ મજબૂત બનશે. ભારતની વિદેશ નીતિની પ્રાથમિકતાઓ અંગે સ્પષ્ટ નિવેદન આપતા જયશંકરે વૈશ્વિક સ્થિરતા માટે પાંચ મુદ્દાની વ્યૂહાત્મક બ્લુપ્રિન્ટ રજૂ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત સંઘર્ષોના ઉકેલ માટે સંવાદ અને મુત્સદ્દીગીરીની હિમાયત કરે છે, મુક્ત દરિયાઈ વેપારનું સમર્થન કરે છે, આંતરરાષ્ટ્રીય કાયદાના આદરની માંગ કરે છે અને બજારના હિસ્સા તથા સંસાધનોના હથિયારીકરણ(દબાણ લાવવાના સાધન તરીકે ઉપયોગ કરવા)ની વિરુદ્ધ છે.

ભારત-અમેરિકા સંબંધોમાં આવેલા મોટા ઘટાડા બાદ બંને પક્ષો વચ્ચેની આ પ્રથમ વ્યાપક વાતચીત હતી, જેમાં મુખ્યત્વે સંરક્ષણ, મહત્વના ખનિજો, ઉચ્ચ તકનીક અને આર્થિક જોડાણના ક્ષેત્રોમાં સહકારને જોરશોરથી પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

...અનુસંધાન પાના 2 પર ➲

**વહેલી** તકે સહમતિ સધાય તેના પર ભાર મૂક્યો

**નવી દિલ્હી, તા. 24 (PTI):** ભારત અને અમેરિકા ટૂંક સમયમાં જ બહુપ્રતીક્ષિત વેપાર કરારને આખરી ઓપ આપવા માટે તૈયાર છે, જે બંને દેશો માટે લાભદાયી તેમજ ટકાઉ રહેશે અને બંને રાષ્ટ્રોના પરસ્પર હિતોને આગળ વધારશે, તેમ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ રવિવારે જણાવ્યું હતું. આ સાથે જ તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે બંને દેશોના એકંદર દ્વિપક્ષીય સંબંધો આગામી સમયમાં વધુ મજબૂત બનશે.

ભારતની ચાર દિવસીય મુલાકાતે આવેલા રુબિયોએ વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે વ્યાપક સ્તરની વાતચીત કર્યા બાદ આ ટિપ્પણી કરી હતી. આ બેઠકમાં વેપાર, વ્યૂહાત્મક ખનિજો, ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રે દ્વિપક્ષીય સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. અમેરિકાના વિદેશ મંત્રી તરીકે રુબિયોની આ પ્રથમ ભારત મુલાકાત છે, જેને મુખ્યત્વે ગયા વર્ષે વોશિંગ્ટનની વેપાર અને ટેરિફ નીતિઓને કારણે બંને દેશોના સંબંધોમાં આવેલા ભારે તણાવને સુધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ભારતીય નિકાસ પર ૫૦ જેટલા ટેરિફ લાદ્યા બાદ, જેમાં રશિયન ઊર્જાની ખરીદી પર ૨૫ ટકા લેવી સામેલ હતી, બંને દેશોના સંબંધોમાં નોંધપાત્ર કડવાશ આવી ગઈ હતી. જયશંકર સાથેના સંયુક્ત પત્રકાર પરિષદમાં રુબિયોએ જણાવ્યું હતું કે, અમને આશા છે કે અમારા વેપાર પ્રતિનિધિ ખૂબ જ ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે. ભારતનું એક પ્રતિનિધિમંડળ પણ અમેરિકા આવ્યું હતું. અમે જબરદસ્ત પ્રગતિ કરી છે, અને મને લાગે છે કે અમે

...અનુસંધાન પાના 2 પર ➲

### ઇમિગ્રેશન નીતિમાં ફેરફાર અંગે માર્કોએ સ્પષ્ટતા કરી

## શરૂઆતમાં થોડી તકલીફ પડશે, પણ છેવટે લાભદાયી પુરવાર થશે: રુબિયો

**નવી દિલ્હી.** વિદેશ મંત્રી એસ. જયશંકરે રવિવારે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો સમક્ષ ટ્રમ્પ વહીવટીતંત્રની વિઝા અને ઈમિગ્રેશન (સ્થળાંતર) નીતિઓમાં ફેરફારો અંગે ભારતની ચિંતાઓ વ્યક્ત કરી હતી, અને જણાવ્યું હતું કે આ નવા અભિગમને કારણે કાયદેસરની અવરજવર (લીગલ મોબિલિટી) પર પ્રતિકૂળ અસર ન પડવી જોઈએ. રૂબિયોએ સ્વીકાર્યું હતું કે અમેરિકા જ્યારે પોતાની ઈમિગ્રેશન સિસ્ટમને સુધારવાનો પ્રયાસ કરી રહ્યું છે, ત્યારે આ સંક્રમણના સમયગાળામાં "કેટલાક અવરોધો" અને "ઘર્ષણના

...અનુસંધાન પાના 2 પર ➲

## ગંગા દશેરા નિમિત્તે હરિદ્વારમાં સ્નાન માટે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી....



■ ઉત્તરાખંડના હરિદ્વારમાં આવતીકાલે સોમવારે 'ગંગા દશેરા' ઉત્સવ પહેલા હર કી પૌડી ખાતે ગંગા નદીમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે લોકોની ભીડ ઉમટી છે. ગંગા દશેરા સ્નાન ઉત્સવ એ વર્ષના સૌથી મોટા સ્નાન ઉત્સવોમાંનો એક છે. આ દિવસે પશ્ચિમ ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા અને અન્ય રાજ્યોમાંથી લાખો શ્રદ્ધાળુઓ ગંગા સ્નાન કરવા માટે આવે છે. હરિદ્વાર પોલીસ અને વહીવટીતંત્રે ગંગા દશેરા અને નિર્જળા એકાદશી સ્નાન ઉત્સવના સલામત આયોજન માટે સમગ્ર મેળા વિસ્તારને બે સુપર ઝોન, 11 ઝોન અને 27 સેક્ટરમાં વિભાજિત કરવામાં આવ્યો છે.

## ન્યૂઝ બ્રીફ

### રાષ્ટ્રપતિ મુર્મુ આજે પદ્મ પુરસ્કારો એનાયત કરશે

**નવી દિલ્હી.** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સોમવારે રાષ્ટ્રપતિ ભવનના ગણતંત્ર મંડપમાં યોજનારા 2026ના પ્રથમ નાગરિક અલંકરણ સમારોહમાં 66 પદ્મ પુરસ્કારો પ્રદાન કરશે. આ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અન્ય મહાનુભાવોની ઉપસ્થિત રહેશે. આ સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિ બે પદ્મ વિભૂષણ, છ પદ્મ ભૂષણ અને 58 પદ્મ શ્રી પુરસ્કારો એનાયત કરશે. વર્ષ 2026 માટે રાષ્ટ્રપતિએ પાંચ પદ્મ વિભૂષણ, 13 પદ્મ ભૂષણ અને 113 પદ્મ શ્રી પુરસ્કારો સહિત 131 પદ્મ પુરસ્કારો એનાયત કરવાની મંજૂરી આપી છે. બાકીના પદ્મ

...અનુસંધાન પાના 2 પર ➲

### નીટ કેસ : શુભમ ખેરનાર 6 જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં

**નવી દિલ્હી.** દિલ્હીની એક અદાલતે રવિવારે નીટ પેપર લીક કેસમાં આરોપી શુભમ ખેરનારને 6 જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો છે. સ્પેશિયલ જજ રુચિ અગ્રવાલ અસરાનીએ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ની આરોપીને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાની માગ કરતી અરજીને મંજૂરી આપી હતી. કેન્દ્રીય એજન્સીએ જણાવ્યું હતું કે, ખેરનાર સહિતના આરોપીઓ પરીક્ષા શરૂ થતાં પહેલાં નીટ-યુજી 2026 પરીક્ષાના પ્રશ્નપત્રો લીક કરવામાં સક્રિયપણે સામેલ હતા. સીબીઆઈએ તેના રિમાન્ડ

...અનુસંધાન પાના 2 પર ➲

## બલુચિસ્તાનમાં શટલ ટ્રેનમાં વિસ્ફોટ થતાં 20નાં મોત

**વિસ્ફોટની** જવાબદારી બલુચ લિબરેશન આર્મીએ લીધી

**મૃતકોમાં** ફ્રન્ટિયર કોરના ત્રણ જવાનો સામેલ, મૃત્યુઆંક વધવાનો ભય






**કરાચી, તા. 24 (PTI):** પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં રવિવારે એક શટલ ટ્રેનમાં પ્રચંડ વિસ્ફોટ થતાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયાની આશંકા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પ્રતિબંધિત બલૂચ લિબરેશન આર્મી(BLA) એ આ બ્લાસ્ટની જવાબદારી સ્વીકારી છે. સરકારી સમાચાર સંસ્થા 'એસોસિએટેડ પ્રેસ ઓફ પાકિસ્તાન'ના અહેવાલ મુજબ, આ શટલ ટ્રેન ક્વેટા કેન્ટોનમેન્ટથી શહેરના રેલ્વે સ્ટેશન તરફ જઈ રહી હતી ત્યારે ચમન ફાટક નજીક તેને નિશાન બનાવવામાં આવી હતી. BLA ના પ્રવક્તાએ જણાવ્યું છે કે આ હુમલો એ સમયે કરવામાં આવ્યો હતો જ્યારે ટ્રેન કેન્ટોનમેન્ટ વિસ્તારમાંથી સૈન્ય કર્મચારીઓને લઈ જઈ રહી હતી.

સરકારે સત્તાવાર રીતે અત્યાર સુધીમાં ફ્રન્ટિયર કોર્પ્સના ત્રણ જવાનો સહિત ૧૪ લોકોના મોતની પુષ્ટિ કરી છે, પરંતુ અધિકારીઓનું કહેવું છે કે મૃત્યુઆંક વધવાની આશંકા છે.

જોકે, સ્થાનિક પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે ૨૦ લોકોના મોતની આશંકા છે, જ્યારે કેટલાક મીડિયા અહેવાલોમાં મૃત્યુઆંક આનાથી પણ વધુ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. પાકિસ્તાનના રેલ્વે મંત્રીએ જણાવ્યું હતું કે શટલ ટ્રેનમાં સામાન્ય નાગરિકો પણ સવાર હતા અને વિસ્ફોટ ટ્રેનના એન્જિન તથા ત્રણ કોચમાં થયો હતો. આ વિસ્ફોટનો અવાજ અને આંચકો એટલો જોરદાર હતો કે આસપાસના વિસ્તારમાં વાહનોના કાચ અને નજીકની ઈમારતોની બારીઓના કાચ તૂટી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, ટ્રેનમાં મોટી સંખ્યામાં એવા મુસાફરો હતા જેઓ આગામી ઈદના તહેવાર માટે પોતાના વતન જવા માટે કનેક્ટિંગ ટ્રેન પકડવાની રાહ જોઈ રહ્યા હતા. વડાપ્રધાન શહબાઝ શરીફે આ ઘટનાની નિંદા કરતા કહ્યું કે, આતંકવાદના આવા કાયરતાપૂર્ણ કૃત્યો પાકિસ્તાનના લોકોના સંકલ્પને નબળો પાડી શકતા નથી.

## વ્હાઇટ હાઉસ સુરક્ષા ચેકપોઇન્ટ નજીક ગોળીબાર : હુમલાખોર ઠાર



**હુમલાખોર** ગયા વર્ષે પણ વ્હાઇટ હાઉસ પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કરવા બદલ પકડાયો હતો

**પોતાને** જીસસ ક્રાઇસ્ટ તરીકે ઓળખાવતો હુમલાખોર આ વખતે સુરક્ષા કર્મચારીઓના વળતા ગોળીબારમાં ઠાર મરાયો

**વોશિંગ્ટન, તા. 24 (AP):** વ્હાઈટ હાઉસના સિક્યોરિટી ચેકપોઈન્ટ નજીક શનિવારે અંધાધૂંધ ગોળીબાર કરનાર એક વ્યક્તિનું અધિકારીઓ દ્વારા વળતા ઓપરેશનમાં ગોળી વાગવાથી મોત થયું છે, તેમ યુએસ સિક્રેટ સર્વિસે જણાવ્યું હતું. છેલ્લા એક મહિનામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આસપાસ ગોળીબારની આ ત્રીજી ઘટના હતી.

કાયદા અમલીકરણ એજન્સીએ 'X' પર પોસ્ટ કરેલા એક નિવેદનમાં

...અનુસંધાન પાના 2 પર ➲

## CBSE તકનીકી ખામીથી વસુલાયેલો વધારાનો ચાર્જ વિદ્યાર્થીઓને રિફંડ કરશે

**ધો. ૧૨ની** પરિણામ પછીની પ્રક્રિયામાં તક્નિકી ખામીઓના કારણે વધુ ચાર્જ વસૂલાયો હતો

**નવી દિલ્હી, તા. 24 (PTI):** સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) એ રવિવારે જણાવ્યું હતું કે, તે એવા વિદ્યાર્થીઓને રિફંડ આપશે જેમને તક્નિકી સમસ્યાઓના કારણે ધોરણ ૧૨ની પરિણામ પછીની પ્રક્રિયા દરમિયાન વધુ ચાર્જ ચૂકવવો પડ્યો હતો.

પુનઃમૂલ્યાંકન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવેલી તક્નિકી ખામીઓની ફરિયાદો પર કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સીબીએસઈ પાસે વિગતવાર અહેવાલ માંગ્યાના એક દિવસ પછી આ નિર્ણય આવ્યો છે.

એક નોટિસમાં સીબીએસઈએ જણાવ્યું હતું કે ૨૧ અને ૨૨ મેના રોજ કેટલીક તક્નિકી સમસ્યાઓના કારણે તે સમયે ખોટી ફી કપાઈ ગઈ હતી જ્યારે વિદ્યાર્થીઓ મૂલ્યાંકન કરાયેલી ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલો મેળવવા માટે અરજી કરી રહ્યા હતા.

નોટિસમાં જણાવાયું છે કે, "કેટલાક કિસ્સાઓમાં વધારાની ચુકવણી કાપી લેવામાં આવી હતી, જ્યારે અન્યમાં ઓછી રકમ વસૂલવામાં આવી હતી."

સીબીએસઈએ જણાવ્યું હતું કે, વધુ ચૂકવણીના તમામ કિસ્સાઓમાં ચોક્કસ વધારાની રકમ તે જ પેમેન્ટ મેથડમાં પરત કરવામાં આવશે જેનો ઉપયોગ ચુકવણી માટે કરવામાં આવ્યો હતો."

"તેવી જ રીતે, જે કિસ્સાઓમાં ઓછી ચુકવણી કપાઈ હતી, તેવા ઉમેદવારોને બાકીની રકમની

...અનુસંધાન પાના 2 પર ➲

## બંગાળની ફાલ્ટા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપનો એક લાખ મતથી વિજય

**ઉમેદવારી** પાછી ખેંચવા છતાં ટેક્નીકલ કારણોસર સ્પર્ધામાં રહેલા ટીએમસીના ઉમેદવાર જહાંગીર ખાને ડિપોઝીટ ગુમાવી



**કોલકાતા, તા. 24 (PTI):** પશ્ચિમ બંગાળની ફાલ્ટા વિધાનસભા બેઠક પર રવિવારે યોજાયેલી પુનઃચૂંટણીમાં ભાજપે ૧ લાખથી વધુ મતોની સરસાઈ સાથે પ્રચંડ જીત મેળવી છે. આ મતવિસ્તાર લાંબા સમયથી તૃણમૂલ કોંગ્રેસ(TMC)નો ગઢ ગણાતો હતો, જ્યાં તેના ઉમેદવાર ચોથા ક્રમે ફેંકાઈ ગયા છે અને પોતાની ડિપોઝિટ પણ ગુમાવી દીધી છે.

૧,૪૯,૬૬૬ મતો મેળવીને ભાજપના દેબાંશુ પાંડાએ તેમના નજીકના હરીફ સીપીઆઈ(એમ)ના શંભુ નાથ કુર્મીને ૧,૦૯,૦૨૧ મતોની સરસાઈથી હરાવ્યા હતા. કુર્મીને ૪૦,૬૪૫ મતો મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના અબ્દુર રઝાક મોલ્લા ૧૦,૦૮૪ મતો સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. એક સમયે ફાલ્ટા ચૂંટણી પ્રચારના સૌથી ચર્ચિત ચહેરાઓમાંથી એક એવા ટીએમસીના જહાંગીર ખાન માત્ર ૭,૭૮૩ મતો સાથે ચોથા

...અનુસંધાન પાના 2 પર ➲

તા. ૨૪-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૨° સે. | ૩૦.૮° સે. | ૩૭% |